# મોડાસાના માલપુર રોડ પર રાત્રે ઓઈલ ઢોળાતા સ્થાનિક કોર્પોરેટરો તાત્કાલિક પહોંચી સાફ-સફાઈ કરાવી



મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલા સાંઈ મંદિર નજીક માલપુર રોડ પર મંગળવારના રોજ રસ્તા પર ઓઈલ ઢોળાવાતા વાહન ચાલકો ટપોટપ પટકાયા હતા, ઘટનાની જાણ થતાં મોડાસા નગર પાલિકાની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને રસ્તો સાફ કરવાની તજવીજ હાથ ધરી હતી.

મોડાસા માલપુર રોડ પર આવેલ કાર્તિકેય સોસાયટી થી લઈ ઓધારી તળાવના ગેટ સુધી મંગળવાર સાંજના સુમારે કોઈ ખાનગી વાહનની ઓઈલની પાઈપ લીકેજ હોવાના કારણે આખા રોડ ઉપર ઓઈલ ઢોળાવવાના કારણે વાહનો સ્લીપ થાય અને મોટો અકસ્માત સર્જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું પરંતુ આ બાબતની જાણ મોડાસા નગરપાલિકા ના ઉપ પ્રમુખ આર. સી. મહેતા અને બાંધકામ સમિતિના ચેરમેન આશિષ પટેલ ને જાણ થતા તેઓ તાબડતોબ સ્થળ ઉપર પહોંચી જઈ ઓઈલ વાળી જગ્યા પર નગર પાલિકા ના પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર અને સેનેટરી નિ ટીમ દ્વારા રસ્તા પર માટી નંખાવી મોટી દુર્ઘટના થતા અટકાવી હતી.

# શામળાજીના ઓડ ગામમાં ફિંગર પ્રિન્ટ ન મળતા ગ્રામજનો રાશનથી વંચિત રહેવાનો વારો : ગામલોકોની હૈયા હોળી

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ આપ્યા બાદ ફિંગરપ્રિન્ટનો મામલો કાર્ડ ધારક માટે માથાના દુઃખાવા સમાન બની ગયો છે અનેક વાર રાશન લેવા પહોંચતા ગ્રાહકો કલાકો ઉભા રહ્યા પછી ઈન્ટરનેટ સમસ્યા અને ફિંગરપ્રિન્ટ મેચ ન થતા રાશનથી વંચિત રહેવું પડે છે ભિલોડા તાલુકાના ઓડ ગામમાં હોળી-ધુળેટી ટાણે ફિંગરપ્રિન્ટ મેચ ન થતા છેલ્લા ચાર દિવસથી ગામના લોકો રાશનથી વંચિત રહેતા લોકોમાં તહેવાર ટાણે હૈયાહોળી થઈ રહી છે ગ્રામજનોએ ઓફલાઈન રાશન આપવામાં આવેની માંગ કરી કરી રહ્યા છે



ભિલોડા તાલુકાના ઓડ ગામમાં છેલ્લા ચાર ચાર દિવસથી લોકો રાશનની દુકાનમાં રાશન લેવા ધરમધક્કા ખાઈ રહ્યા છે ઓડ ગામે આવેલી પરવાનેદારના ત્યાં ઈન્ટરનેટની સમસ્યાના લીધે કાર્ડ ધારકોની ફિંગરપ્રિન્ટ મેચ ન થતા ગ્રામજનોએ હોબાળો મચાવી દીધો છે હોળી-ધુળેટીના તહેવાર ટાણે ગરીબોના ચૂલા કઈ રીતે સળગાવવા તે યક્ષ પ્રશ્ન બન્યો છે ગામલોકો વહેલી સવારથી લાઈનમાં ઉભા રહ્યા પછી પણ ફિંગર ન મળતા તમારા ફિંગર મળતા નથી તો રાશનનો સામાન આપવાનો ધરાર ઈકાર કરે દેવામાં આવતા ગ્રામજનો વીલા મોઢે પરત ફરવાનો વારો આવ્યો છે

રેશનીંગના સામાનની ફાળવણીમાં કેટલાક પરવાનેદારો ગોલમાલ કરતા હતા. અને ગરીબોના હક્કનો સામાન બારોબાર વગે કરી દેતા હોવાની ચોંકાવનારી હકીકતોના પગલે આ સમસ્યાના હલ માટે સરકારે બારકોડેડ રેશનકાર્ડ બનાવી ચીજ વસ્તુ આપતા પહેલા ફિંગરપ્રિન્ટ તથા કૂપનની સહિ?તની કાર્યવાહીમાંથી પસાર થવુ પડે છે. પરંતુ ફિંગરપ્રિન્ટ અને કૂપન મેળવવાની કાર્યવાહી કાર્ડ ધારક માટે અભિમન્યુના સાત કોઠા વીંધવા સમાન બની જતા ઓડ ગામમાં રેશનીંગના સામાનને લઈને હોબાળો મચી ગયો છે.

# ધાનેરા નગરપાલિકા ચીફ ઓફિસર ડોર ટુ ડોર કચરાની આડમાં ટ્રેક્ટરોમાં મેડિકલ વેસ્ટ નાખતાં ખાનગી હોસ્પિટલો સામે કાર્યવાહી કરશે ખરાં?

ધાનેરા તા. ૨૪

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં સૂકો તેમજ ભીનો કચરો લેવા માટે નગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર વાહન મુકવામાં આવે છે જેમાં શહેરમાં આવેલી હોસ્પિટલોનો કચરો પણ લેવામાં આવે છે.







આ અંગે વધુ વિગતો આપતા અમારા ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે ,ત્યારે આ કચરાની સાથે કેટલીક ખાનગી હોસ્પિટલોમાંથી સૂકા ભીના કચરાની આડમાં મેડિકલ વેસ્ટ ડોર ટુ ડોર વાહનમાં નાખી દેવામાં આવતું હોવાનું જાણવા મળ્યું છે ધાનેરા નગરપાલિકાના અમુક વાહનોના ડ્રાયવરો દ્વારા ધાનેરાની હોસ્પિટલો આગળ ડોર ટૂ ડોર કચરો લેવા માટેનું વાહન ઉભું રાખી ટ્રેક્ટરના ડ્રાઈવરની મહેરબાનીથી ખુલ્લેઆમ મેડિકલ વેસ્ટનો કચરો નગરપાલિકાના વાહનમાં નાખવામાં આવી રહ્યો છે હોસ્પિટલોના સ્ટાફ દ્વારા ડસ્ટબીનમાં સૂકા કચરાની સાથે મેડિકલ વેસ્ટ પાલિકાની ગાડીમાં ઠાલવી દેવામા આવતા એ કચરો યોગ્ય જગ્યાએ નિકાલ કરવામાં આવતો ના હોવાથી અબોલ પશુઓ એ મેડિકલ વેસ્ટનો કચરો ખાઈને મોતને ભેટી રહ્યાં છે જો નગરપાલિકાના સત્તાધીશો દ્વારા ટ્રેક્ટરો અને છોટા હાથીનુ ચેકીંગ કરવામાં આવે તો મેડિકલ વેસ્ટ મળી આવે તેમ છે આવી રીતે હોસ્પિટલો દ્વારા કચરાની આડમાં ડોર ટુ ડોર વાહનમાં તેમજ જાહેર જગ્યાએ મેડિકલ વેસ્ટ નાખવામાં આવતો હોવાથી તેઓની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોની માંગ છે.




આર્ટ્સ્ એન્ડ કોમર્સ્ કોલેજ ,ધનસુરા તથા મહિલા અને બાળ્ વિકાસ્ વિભાગ ,અરવલ્લી ના સંયુક્ત ઉપક્રમે કામકાજ ના સ્થળે જાતિય્ સતામણી સન્દ્ર્ભે કોલેજ વિમેન્સ્ ડેવલોપમેન્ટ સેલ્ ,G-20 ના ઉપક્રમે મહિલા જાગ્રુતિ શિબિર નુ આયોજન કરવામાં આવ્યુ જેમા સચાલક્ મન્ડળ્ ના ટ્રસ્ટી શ્રી કાન્તિભાઈ પટેલ ,મહિલા અને બાળ્ વિકાસ અધિકારી હસીનાબેન્ મન્સુરી ,જિલ્લા દહેજ્ અધિકારી શ્રી એ્-વી મેણાત્ ,પ્રમુખ શ્રી કિરણ્ બા વકિલ્ શ્રી મયુરભાઈ ચૌધરી ( મોડાસા ન્યાય સકુલ્ ) ,૧૮૧ અભયમ્ મહિલા હેલ્પ્ લાઈન્ કાઉન્સેલર્ પ્રેમિલા બેન્ ,સ્થાનિક ફરિયાદ સમિતિ ના અધ્યક્ષ વનિતા બેન્ પટેલ હાજર્ રહ્યા હતા , પ્રિ પ્રફુલ્લા બેન્ બ્રહ્મભટ્ટ સૌ ને આવકાર્યા હતા , એડવોકેટ્ શ્રી મયુર્ ભાઈ ચૌધરી એ જાતિય્ સતામણી સન્દ્ર્ભે વિદ્યાર્થીઓ ને કાયદાકીય માહિતી આપી હતી,૧૮૧ હેલ્પલાઈન્ ની કામગિરિ ,સખી વન્ સ્ટોપ્ સેન્ટર વગેરેની માહિતી આપી હતી ,એ્-વી મેણાત્ શિબિર નો હેતુ દર્શાવ્યો હતો , કોલેજ વિમેન્સ્ ડેવલોપમેન્ટ સમિતિ ના સભ્યો શ્રી તથા કો્ ઓર્ડી્ ડો રમાબેન્ શાહ્ દ્વારા સમગ્ર શિબિર નુ સન્ચાલન્ કર્યુ હતુ ,ટ્રસ્ટી શ્રી કાન્તિભાઈ પટેલ આચાર્ય શ્રી ,અધ્યાપકો , શિબિર ના આયોજકો તથા વિધાર્થીની બહેનો પ્રોત્સાહન પુરુ પાડયુ હતુ

# ધાનેરામાં વર્ષો જૂનું બનેલ શીતલ શોપિંગ સેન્ટર જે ખંડેર અને જર્જરિત હાલતમાં

ધાનેરા તા. ૨૪

ધાનેરા માં આવેલ શિતલ શોપિંગ સેન્ટર હાલ જર્જરિત હાલતમાં જોવા મળી રહેલ છે જેને નગરપાલિકાએ જર્જરિત અને કન્ડેમ જાહેર કરેલ છે તેના પીલ્લર અને ધાબા ના પોપડાઓ નીચે પડી રહ્યા છે .અને જો નાનો ભૂકંપનો આંચકો આવે તો ગમે ત્યારે પડી જાય તેવી સ્થિતિમાં છે આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,આ બાબતે મીડિયા માં અહેવાલ દ્વારા વારંવાર નગરપાલિકા ને અવગત કરવામાં આવેલ છે જે સંદર્ભે નગરપાલિકાએ શોપીગ સેન્ટરના દુકાનદારોને નોટિસ આપવામાં આવેલ આમ વારંવાર નોટિસ આપવા છતાં કોઈ કામગીરી હાથ ધરાઈ ન હતી આખરે નગરપાલિકાએ ૨૪ કલાકની નોટિસ આપેલ છે જે સંદર્ભે ૧૮૦ દુકાનદારો ભેગા થઈ મિટિંગનું આયોજન કરાયું હતું જેમાં સર્વ સંમતિથી દુકાનોનું સમારકામ કરી તેમજ બીમ અને પિલરો ને મજબૂત સમારકામ થાય એવી મિટિંગ માં દરેકની માંગ થઈ હતી જે સંદર્ભે ટૂંક સમયમાં દુકાનો નું રીપેરીંગ કામ ચાલુ કરીશું એવી બાંહેધરી આપી હતી ખરેખર આ શોપિંગ સેન્ટર માં ટૂંક સમયમાં રીપેર કામ નહીં થાય તો ભવિષ્યમાં મોટી જાનહાની થવાની શક્યતાઓ રહેલી છે.. હવે જોવાનું એ રહ્યું છે કે ૧૮૦ દુકાનદારો રીપેરીંગ કામ ચાલુ કરે છે કે નહીં? કે પછી સરકાર એના ઉપર પગલાં લે છે? તે હવે જોવાનું રહ્યું.



# મોડાસાની સહારા સોસાયટીના બંધ મકાનમાં તસ્કરોની ધીંગી ખેપ, ૪ લાખના મુદ્દામાલની ચોરી

**સહારા સોસાયટીમાં રહેતો પરિવાર નડાબેટ ફરવા જતા તસ્કરો બંધ મકાનમાં ત્રાટકી ઘમરોળી નાખ્યું**

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં તસ્કર ટોળકી અને બેંકની આસપાસ ના વિસ્તારમાં પૈસાની તફડંચી ગેંગ પોલીસતંત્રને પડકાર આપી રહી છે મોડાસા શહેરની સહારા સોસાયટીના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકી ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ સહીત ૪ લાખ રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ જતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે મોડાસા પોલીસે ચોરીનો ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મોડાસા શહેરની સહારા સોસાયટીમાં રહેતા મોં.આસીમ ભટ્ટીના પિતા બનાસકાંઠામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હોવાથી મકાન બંધ કરી પિતા સાથે નડાબેટ ફરવા ગયા હતા મંગળવારે રાત્રીના સુમારે તેમના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકી ઘરમાં રહેલ તિજોરી,રાચ રચીલું ફંફોસી નાખી સોના ચાંદીના દાગીના ૩.૫૦ લાખના અને રોકડ રકમ ૬૦ હજાર મળી કુલ.રૂ.૪ લાખના મુદ્દામાલની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા બંધ મકાનના દરવાજા ખુલ્લા જોતા અને મકાનમાં માલસામાન રફેદફે જોવા મળતા પાડોશીઓએ આસીમ ભટ્ટીને જાણ કરતા નડાબેટ ફરવા ગયેલ પરિવાર તાબડતોડ ઘરે પહોંચી ઘરમાંથી લાખ્ખો રૂપિયાના સોના-ચાંદીના દાગીના ચોરી થયાની જાણ થતા



પરિવાર પર આભ તૂટી પડ્યું હતું બંધ મકાનમાં લાખ્ખો રૂપિયાની ચોરી થતા ટાઉન પોલીસ દોડી આવી પ્રાથમીક તપાસ હાથધરી અજાણ્યા ચોર ઈસમો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પાલનપુર : આયર્ન મોદી હત્યા કેસના ૧૦ આરોપીઓ ઝબ્બે

**આયર્નનું અપરણ કરીને ઢોર માર મારવામાં આવ્યો હતો : બનાસકાંઠા પોલીસની છ ટીમો દિવસ - રાત મહેનત કરી આરોપી સુધી પહોંચી હતી : એસપી અક્ષયરાજ અને પોલીસ સ્ટાફ પર અભિનંદનની વર્ષા : પોલીસે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સુધી તપાસનો દોર લંબાવ્યો હતો**



પાલનપુર, તા. ૨૪

પાલનપુરની કોલેજમાં અભ્યાસ કરતા આયર્ન મોદીનું અપહરણ કરીને તેને ઢોર માર મારતા સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ ઘટના બાદ મોદી સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. ત્યારે જિલ્લા પોલીસ વડાની આગેવાનીમાં પોલીસની છ ટીમો બનાવી આયર્ન મોદીની હત્યામાં સંડોવાયેલા દસ આરોપીઓને ઝડપી લીધા હતા. અને ત્રણ જેટલા વાહનો કબજે કરવામાં આવ્યા છે. પોલીસે અલગ અલગ ટીમો બનાવીને વ્યાપકપણે તપાસ હાથ ધરતા આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મળી હતી.

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ચકચાર જગાવનારા કોલેજીયન વિદ્યાર્થી આયર્ન મોદી હત્યા કેસને લઈને પોલીસે ૧૦ જેટલા આરોપીઓની ધરપકડ કરી છે. પાલનપુરની કોલેજમાં અભ્યાસ કરી રહેલા આયર્ન ભરતભાઈ મોદીને કોલેજમાંથી ફોન કરીને બહાર બોલાવી ગાડીમાં નાખી તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. જેને અજાણ્યા સ્થળે લઈ જઈ અને ઢોર માર મારી ઝેરી પ્રવાહી પીવડાવી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ તેને છોડી મુકાયો હતો. જેનું પાછળથી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ ઘટનાને લઈને મોદી સમાજમાં રોષ પ્રસર્યો હતો. અને પાલનપુર શહેરમાં રવિવારે કેન્ડલ માર્ચ રામધુન યોજી આયર્નને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. અને આરોપીઓને ઝડપીને ફાંસીની સજાની માંગ કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

આ સમગ્ર ઘટનાને જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા ગંભીરતાથી લીધી હતી. જેમાં બેદરકાર રહેલા પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનના પીઆઈ ને સસ્પેન્ડ કરી દીધા હતા. અને જ્યાં સુધી આરોપીઓ પકડાય નહીં ત્યાં સુધી તેઓ ઘરે જશે નહીં તેવું વચન આપ્યું હતું.

આ દરમિયાન પોલીસે ડીસા ડીવાયએસપી ડો. કુશલ ઓઝા પાલનપુર ડીવાયએસપી જીગ્નેશ ગામીત, પાલનપુર એડમીન ડીવાયએસપી એમ. ટી. વ્યાસ તેમજ એલસીબી ની ટીમ, પેરોફર્લો, એસઓજી અને સાઈબર ક્રાઈમની ટીમના અધિકારીઓ એ પોલીસ કર્મચારીઓને સાથે રાખીને છ ટીમો બનાવી અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી હતી. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સુધી તપાસનો દૌર લંબાયો હતો.

આ ટીમોએ ઝીણવટપૂર્વક તપાસ હાથ કરીને દસ જેટલા આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મેળવી હતી. તેમજ પોલીસે ત્રણ વાહનો પણ કબજે કર્યા છે.

## નજરે જોનારા છ લોકોના નિવેદન લેવાયાં

આયર્ન મોદી હત્યા કેસમાં પોલીસે પોતાના બાતમીદારો, ટેકનિકલ એનાલિસિસ અને નેત્રમ ટીમની મદદ લીધી હતી. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓને આયર્ન ઓળખતો ન હતો. જેથી કયા કયા આરોપીઓ આ ગુનામાં સંડોવાયેલા છે ? તેની પ્રથમ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રથમ ઘટના કેમ બની ?કેવી રીતે બની ? આ તમામ પાસાઓનો તલસ્પર્શી અભ્યાસ પોલીસે કર્યો હતો. તેમજ કયા આરોપીઓએ કેવી ભૂમિકા ભજવી હતી. તેના પુરાવા ના આધારે કુલ છ જેટલા નજરે જોનારા લોકોના સીઆરપીસી ની કલમ ૧૬૪ મુજબ નિવેદન પણ નોંધ્યા હતા.

## સીસીટીવીના ૨૫૦ ફૂટેજ ખંગોળાયા

આયર્ન મોદી હત્યા કેસમાં સંડોવાયેલા આરોપીઓ સુધી પહોંચવા માટે શહેરમાં લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરાના ૨૫૦ થી વધુ ફૂટેજનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું. જેના આધારે તમામ આરોપીઓ ના નામ અને માહિતી એકઠી કરવામાં આવી હતી. જેના માટે પોલીસની છ ટીમો બનાવવામાં આવી હતી. જે દિવસ -રાત મહેનત કરીને મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં જઈને ૧૨ થી વધુ જિલ્લાઓમાં ૧૫૦ થી વધુ સ્થળોએ છાપેમારી કરી હતી. આ આરોપીઓ નાસતા ફરતા રહીને પોતાનો મોબાઈલ સ્વીચ ઓફ રાખ્યો હતો. છતાં ટેકનીકલ ટીમે આરોપીઓને પકડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

## આયર્ન હત્યા કેસમાં સંડોવાયેલા આરોપીઓ

૧. કલ્પેશભાઈ લક્ષ્મણભાઈ ગુડોલ, રહેવાસી - કુષ્કલ.
૨. જગદીશ ભીખાભાઈ જુડાલ, રહેવાસી - જગાણા.
૩. વિપુલભાઈ ગણેશભાઈ કોરોટ, રહેવાસી - ચંગવાડા.
૪. લક્ષ્મણભાઈ શામળભાઈ ચૌધરી, રહેવાસી - વેસા.
૫. સરદારભાઈ ગણેશભાઈ ચૌધરી, રહેવાસી - ગીડાસણ.
૬. ભાવેશભાઈ મોગજીભાઈ કરેણ, રહેવાસી -જગાણા.
૭. ભાસ્કરભાઈ ભેમજીભાઈ ચૌધરી, રહેવાસી - જગાણા.
૮. આશિષ હરિભાઈ ઉપલાણા, રહેવાસી - ચંગવાડા.
૯. સરદાર વાલજીભાઈ ચૌધરી, રહેવાસી - એદરાણા.
૧૦. સુરેશ સરદારભાઈ કાથરોટિયા, રહેવાસી - પટોસણ.
(તમામ રહેવાસી તાલુકો પાલનપુર)

## આ પ્રશ્નોના ઉત્તર બાકી

- આયર્નની હત્યા કરવા પાછળ શું કારણ હતું ?
- તેને જરી પ્રવાહી પીવડાવાયું હતું કે કેમ?
- આયર્નને અપહરણ કરી ક્યાં લઈ ગયા હતા?
- આયર્નને કેટલા કલાક સુધી ગોંધી રખાયો હતો?
- આયર્ન ને ચૂપ રહેવા માટે તેને કે તેના પરિવાર માટે કોઈ ધમકી અપાઈ હતી કે કેમ ?
- આયર્ન સાથે શાનો દગો થયો હતો ?

## બનાસકાંઠા પોલીસ પર અભિનંદનની વર્ષા

આયર્નની હત્યામાં સંડોવાયેલા દસ આરોપીઓ ઝડપાતા જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા અને તેમની ટીમના તમામ કર્મચારીઓ ઉપર સોશિયલ મીડિયામાં બનાસકાંઠા જિલ્લામાંથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# સાબરકાંઠાના વિદ્યાર્થીઓને બોર્ડની પરિક્ષાની તૈયારીમાં વિષય નિષ્ણાતોનું માર્ગદર્શન મળશે

બાયડ તા. ૨૪

જિલ્લામાં આગામી તા. ૧૪ માર્ચ થી ૨૯ માર્ચ ૨૦૨૩ સુધી ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા યોજાશે. સાબરકાંઠા જિલ્લામાં શરૂ થનાર બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને વિષય નિષ્ણાતોનું માર્ગદર્શન મળી રહે અને કોઈ મૂંઝવણ કે બોઝ વિના પરીક્ષાની તૈયારી કરી સારૂ પ્રર્દશન કરી શકે તે માટે જિલ્લા સમાહર્તાશ્રી હિતેષ કોયા ના માર્ગદર્શન હેઠળ વિષય શિક્ષકોની ટીમ તૈયાર કરવામાં આવી છે.

**ધોરણ ૧૦ બોર્ડના વિદ્યાર્થીઓ કાઉન્સેલીંગ માટે જણાવેલ નંબર પર કોલ કરી શકશે.**

| ક્રમ | તાલુકો | વિષયનું નામ | શિક્ષકનું નામ | મો.નં |
|---|---|---|---|---|
| ૧ | ઈડર | ગણિત | શ્રી નીકુલકુમાર એ પટેલ | ૯૯૨૪૪૯૩૦૨૦ |
| ૨ | વિજયનગર | ગણિત | શ્રી પી પી પટેલ | ૯૪૦૨૮૪૧૦૬૯ |
| ૩ | હિંમતનગર | ગણિત | શ્રી શૈલેષભાઈ પંચાલ | ૯૪૨૭૩૭૧૭૬૦ |
| ૪ | હિંમતનગર | ગણિત | શ્રી વી એ પટેલ | ૯૪૨૬૩૩૮૧૧૭ |
| ૫ | પ્રાંતિજ | ગણિત | શ્રી ભાવિનકુમાર જે પટેલ | ૯૪૨૮૧૩૫૩૧૫ |
| ૬ | ખેડબ્રહ્મા | ગણિત | શ્રી હેમેંદ્રભાઈ સી પટેલ | ૯૪૨૮૪૮૨૩૫૪ |
| ૭ | ઈડર | અંગ્રેજી | શ્રી કમલેશભાઈ એન શુકલ | ૯૯૭૯૦૦૩૮૬૯ |
| ૮ | ખેડબ્રહ્મા | અંગ્રેજી | શ્રી આર પી વાલા | ૯૪૨૭૦૩૮૧૭૨ |
| ૯ | વિજયનગર | અંગ્રેજી | શ્રી એમ કે શાહ | ૯૪૨૭૬૯૫૨૦૩ |
| ૧૦ | હિંમતનગર | અંગ્રેજી | શ્રી પી ડી દેસાઈ | ૯૪૨૬૨૪૮૮૫૫ |
| ૧૧ | હિંમતનગર | અંગ્રેજી | શ્રી જે ડી પટેલ | ૯૪૨૭૦૩૭૩૪૬ |
| ૧૨ | પ્રાંતિજ | અંગ્રેજી | શ્રી આઈ એ મેવાતી | ૬૫૫૩૯૨૭૨૪૨ |
| ૧૩ | ઈડર | વિજ્ઞાન ટેક્નોલોજી | શ્રી જગદીશભાઈ ડી પટેલ | ૯૯૨૪૩૦૧૭૯૨ |
| ૧૪ | વિજયનગર | વિજ્ઞાન ટેક્નોલોજી | શ્રી એ બી પટેલ | ૯૪૦૨૬૭૫૦૮૬ |
| ૧૫ | હિંમતનગર | વિજ્ઞાન ટેક્નોલોજી | શ્રી ભાવિનભાઈ પટેલ | ૯૪૨૮૧૩૫૩૧૫ |
| ૧૭ | ખેડબ્રહ્મા | વિજ્ઞાન ટેક્નોલોજી | શ્રી જનક બી ઠાકર | ૯૬૬૨૬૬૭૨૦૬ |
| ૧૮ | હિંમતનગર | ગુજરાતી | શ્રી હસમુખભાઈ બી પટેલ | ૯૬૩૮૮૫૧૪૦૦ |
| ૧૯ | હિંમતનગર | ગુજરાતી | શ્રી ડી એસ પટેલ | ૯૯૭૮૨૧૪૭૧૭ |
| ૨૦ | હિંમતનગર | સામાજિક વિજ્ઞાન | શ્રી કનુભાઈ એ પટેલ | ૯૯૨૫૭૩૩૧૬૧ |
| ૨૧ | હિંમતનગર | સમાજિક વિજ્ઞાન | શ્રી કે ડી પટેલ | ૯૪૨૮૧૩૫૮૩૩ |